# ભારતની

એક

# વિરલ વિભૂતિ

જગત્પિતા, વિશ્વ-વન્દ્ય, પ્રભુ મહાવીરના નિર્વાણની
પુનિત સ્મૃતિ નિમિત્તે


મુનિ શ્રી ચન્દ્રપ્રભસાગરજી
( ચિત્રભાનુ )



પ્રકાશક
જૈન યુવક મંડળ-વીરમગામ

વીર સં. ૨૪૭૬ આશ્વિન વિ. સં. ૨૦૦૬

**नम्र सूचन**

इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

...તસાગરજી મહારાજના સદુપદેશથી, ...મચંદના સુપુત્રો-ચુનીભાઇ, મણીભાઇ, તથા મોહનભાઇએ પોતાના સ્વ૦ ...ા સંસ્મરણાર્થે આ પુસ્તિકાને ...ર્થિક સહાય આપી છે.

# નૈવેદ્ય

યુવાન, વિચારશીલ, સુપ્રસિદ્ધ વ્યાખ્યાતા મુનિ મહારાજ **શ્રી ચંદ્રપ્રભસાગરજી** મ૦ તરફથી "ભારતની એક વિરલ વિભૂતિ" અને "જાગ ! ઓ મહાવીરના સપૂત" નામે બે નાનકડા લેખો અનુક્રમે "સિદ્ધચક્ર" અને "કલ્યાણ" માસિકોમાં અગાઉ પ્રસિદ્ધ થઈ ગયા છે. તે હવે નાની પુસ્તિકાને આકારે આપની સમક્ષ રજૂ કરવામાં આવે છે.

મહારાજશ્રીએ પોતાની ભાવવાહી ભાષામાં પ્રભુ મહાવીરનું રેખાચિત્ર અને એમનો સંદેશ રજૂ કરી સમાજને જાગ્રત કરવા પ્રયત્ન કર્યો છે; અને બીજા નિબંધમાં "સાચો જૈન" કેવો હોય તેનું શબ્દચિત્ર આલેખ્યું છે.

તેમની કલ્પનાનો સાચો જૈન આજે ઘડાય અને જગતને પોતાની સુવાસથી ભરી દે, એવી શુભ કામના સાથે અમે આ પુસ્તિકા સમાજ આગળ મૂકીએ છીએ.

શ્રી જૈન યુવક મંડળ વતી

**કાન્તિલાલ વાડીલાલ વોરા**

બી. એ; એસ. ટીસી.; काव्यतीर्थ, कोविंद

# ભારતની

# એક વિરલ વિભૂતિ

હિંસાના ભડકાથી સળગતી દુનિયા પર, વિલાસમગ્ન દુનિયા પર, પાપથી ખદબદતી દુનિયા પર, ચૈત્ર શુદ્ધ તેરસના પુનિત દિવસે એક અજોડ બાળકે-વિભૂતિએ અવતાર લીધો.

આંખમાં અમૃત, મુખકમળ પર મધુર સ્મિત, હૈયામાં કરુણા અને આત્મામાં અખંડ વિશ્વવાત્સલ્ય ભરીને અવતરેલી આ વિરલ વિભૂતિને જોઇ, દુનિયા દંગ બની ગઇ.

આ વિરલ–વિભૂતિના આગમનથી દુઃખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થયો. વસન્તની કામણગારી કોકીલા આમ્રવૃક્ષની શાખા પર આનન્દ ને ઉલ્લાસથી ઝૂલા ઝુલતી, મંજુલ–ધ્વનિથી ટહૂકા કરવા લાગી. કુંજની ઘટાઓમાંથી મનોહર પક્ષીઓ મનોજ્ઞ–ગીત ગાવા લાગ્યાં, શુભ્ર વસ્ત્રધારિણી સરિતા, પૂર્ણ સ્વાસ્થ્યથી ઝડપભેર મધુર હાસ્ય કરતી, સાગર ભણી ધસવા લાગી-વિશાળ આકાશમાં પરિભ્રમણ કરતા દીવાનાથનો કોમળ પ્રકાશ–પુંજ, ધરા પર વર્ષવા લાગ્યો, અને અવિરત નરકની યાતના ભોગવતાં પીડિત હૈયાં, આ શાન્ત અને સુખના મુક્ત વાતાવરણમાં વિહરવા લાગ્યાં, વાતાવરણ કાંઇક અલૌકિક હતું!

આ વિરલ વિભૂતિનો અવતાર થતાં, સ્વયં દેવેન્દ્રો એમના દર્શનાર્થે આવ્યા, મહાન્ ભૂપાલો અંજલિપૂર્વક એમની સામે શિર ઝૂકાવીને, નમન કરવા લાગ્યા; અનેક માનવો એમની સેવામાં હાજર થયા. અને વિશ્વનો વૈભવ એમના ચરણોમાં ખડકાવા લાગ્યો.

એ દિવસોમાં એમના યૌવનનો રંગ જામ્યો. સંસાર-નો રંગ પણ ખીલ્યો અને પ્રિયદર્શના જેવું સંસ્કારી સંતાન પણ જન્મ્યું, પણ આ બધું એ વિરલ વિભૂતિને મન પુણ્યરૂપી રોગને નાશ કરવા માટે ઔષધરૂપ જ હતું. આમ કરતાં ત્રીશ વર્ષના વા'ણાં તો વિજળીના ચમકારની પેઠે વહી ગયાં. માનવીને સુખના દિવસો કેટલા સોહામણા લાગે છે!

દુનિયાના સદ્‌ભાગ્યના એક મનોહર પ્રભાતે, આ વિરલ વિભૂતિએ વૈભવથી ઉભરાતાં રાજમંદિરોનો અને વ્હાલસોયાં સ્નેહીઓનો ત્યાગ કરીને, મહાભિનિષ્ક્રમણ કર્યું; કારણ કે દુનિયા એમને દુઃખથી છલકાતી દેખાણી. દુનિયા જ્યારે દુઃખથી રીબાતી હોય ત્યારે આ કોમળ હૈયું સુખમાં કેમ વિલસી શકે?

આ વિરલ વિભૂતિના વસમા વિયોગની વેધક વાંસળી વાગી અને ક્ષત્રિયકુંડ ગામના ઉપવનમાં એક અજોડ કરુણ દૃશ્ય જામ્યું. આ દૃશ્ય આ જીવનસમર્પક વિરલ વિભૂતિની વસમી વિદાયનું હતું. આ દૃશ્ય અનાથ હૈયાંઓની કોમળ લાગણીઓથી છલકાતું હતું. આ દૃશ્ય વચ્ચે હૃદયવિદારક ઘેરા ડૂસકા અને સાચાં આંસુ પણ હતાં. હા! આકરી વિદાય કોમળતાપૂર્વક ભજવાતી હતી. આ વિદાયના દૃશ્યમાંથી

વાત્સલ્ય અને કરુણાની ધારા ટપકતી હતી. આ વસમી વિદાયની વાંસળીમાંથી હૈયાને હચમચાવી મૂકે એવા કરુણ અને વેધક સૂરો વારંવાર આવી નાજુક હૈયાંઓને વ્યથિત કરતા હતા. પોતાનાં લઘુબન્ધવનું આ મહાભિનિષ્ક્રમણ નન્દિવર્ધનના વાત્સલ્યપૂર્ણ હૈયાને વલોવી નાંખતું હતું. જીવનમાં ક્ષણ માત્ર પણ છૂટો નહિ પડનાર પોતાનો લઘુબાન્ધવ આજે સદાને માટે ગૃહ-ત્યાગ કરે છે. ખરેખર, માનવીની પ્રિય વસ્તુ જાય છે ત્યારે એના જીવનનું સર્વસ્વ લેતી જ જાય છે!

ત્રીશ વર્ષ સુધી સૌરભવાળા તરુવરોની શીતળ છાયામાં વિહરનાર માનવી, અખંડ-અગ્નિ ઝરતા તડકામાં તપે, પુષ્પોની નાજુક શય્યામાં પોઢનાર માનવી, કંટક પર કદમ ભરે, લાખ્ખોની સલામ ઝીલનાર માનવી, રંક અાર્યોના અપમાન સહે; આ કાર્ય કેટલું કપરું છે? એ તો અનુભવીનું હૈયું જ વેદી શકે-તે આ વિરલ વિભૂતિનું હૈયું જ!

... ... ...

સ્વયં ઈન્દ્ર મહારાજાએ મુક્ત કંઠે પ્રશંસા કરી—"આજે ભારતવર્ષમાં એક વિરલ વિભૂતિ છે કે જે મરણથી ગભરાતી નથી અને જીવનથી હર્ષ પામતી નથી, જેને સુખનાં મનોજ્ઞ સાધનો ખુશ કરી શકતાં નથી અને દુઃખના ક્રૂર સાધનો મુંઝવી શકતા નથી. એ મહાવિભૂતિની દિવ્ય તપશ્ચર્યા આજે વિશ્વમાં અજોડ છે!—" આ પ્રશંસામાં કોઇ સામાન્ય માનવીના ત્યાગ, તપ અને ધૈર્યની કેવળ અતિશયોક્તિ કરવામાં આવી છે, એમ ત્યાં સભામાં બેઠેલા ઈર્ષાળુ સંગમે માની લીધું, અને સાથે-સાથે નિશ્ચય

કરીને ઊઠયો કે, એ પામર માનવીને ત્યાગ, તપ અને ધૈર્યમાંથી ચલિત કરીને, ઇન્દ્રની પ્રશંસાને અસત્ય બનાવું. આ નિશ્ચય કરતાં જ સંગમ દેવ મટી દાનવ બન્યો, અને એ વિરલ વિભૂતિ પાસે આવ્યો.

સિંહનું રૂપ ધારણ કરી માનવ-હૈયાંઓને વિદારી નાખે એવી સિંહ-ગર્જનાઓ કરી જોઈ, પ્રલયકાળના મેઘનું રૂપ ધારણ કરી વિજળીઓના કડાકાભડાકા કરી બ્રહ્માંડના કાન ફોડી નાંખે એવા અવાજોના અખતરાઓ પણ કરી જોયા; અને છેલ્લે સર્વ શકિતઓ કેન્દ્રિત કરી, ભયંકર રાક્ષસનું રૂપ ધારણ કરી, એ વિરલ વિભૂતિ પર ત્રાટકવાનો પ્રયોગ પણ કરી જોયો; પણ એ બધું નિષ્ફળ નીવડયું !

આવા પ્રલયના ઝંઝાવાત અને ચક્રવાત વચ્ચે પણ જેમનો ધૈર્ય–દીપક અચલ રીતે ઝળહળતો જોઈ, સંગમ દંગ થઇ ગયો. એના અભિમાનના ચૂરેચૂરા થઇ ગયા. અભિમાન ગળતાં જ પોતાને, આચરેલા પાપનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. એ વિરલ વિભૂતિ પ્રત્યે આચરેલા અયોગ્ય વર્તનથી એના હૈયામાં પશ્ચાત્તાપનો ભડકો ભભૂકી ઉઠયો, અને પોતાની જાતને ધિક્કારતો એ વિભૂતિના ચરણોમાં પડી, અંજલિપૂર્વક દીન સ્વરે ક્ષમા માંગવા લાગ્યો.

“ પ્રભો ! આપ શૂરવીર છો, ધીર છો, ગંભીર છો, આપનું આત્મિક બળ અનુપમ છે, આપનો ત્યાગ તપ અને ધૈર્ય અજોડ છે ! આપની જોડ આ વિશ્વમાં લાધે તેમ નથી. આપની પ્રશંસા ઇન્દ્રે કરી, પણ હું અધમ એ ન માની શકયો અને આપની પરીક્ષા કરવા માટે આવ્યો;

પણ આજે મને પૂર્ણ સત્ય સમજાયું કે, મારા જેવા અધમો પોતાની મનની કલુષિતતાથી જ આપના જેવા મહામાનવના ગુણો સમજી શકતા નથી, અને ઈર્ષા અને અભિમાનથી પોતાની જાતને જ મહાન મનાવવાનો પ્રયત્ન કરતાં પરિભ્રમણ કરે છે. આપ જગતના પિતા છો, આપ જગચ્છરણ છો, વિશ્વબંધુ છો, જગદાધાર છો, અધમોધ્ધારક છો, અને તારક છો. હે કરુણાસાગર ! મારા અપરાધની ક્ષમા કરો. હું નીચ છું-અધમ છું-પાપી છું. મારો ઉદ્ધાર આપના જ હાથમાં છે, નાથ! માટે મને તારો !!!"

આવા અઘોર અને ભયંકર અપરાધ કરનારા સંગમ પર પણ વિશ્વ-વિખ્યાત આ વિરલ વિભૂતિએ તો પોતાની અમૃત-ઝરતી આંખોમાંથી કરુણાની વર્ષા જ આરંભી ! એમની વૈરાગ્ય-ઝરતી આંખોમાંથી વાત્સલ્યનું ઝરણું ઝરવા લાગ્યું. એ પુનિત ઝરણામાં સ્નાન કરી, ભારે હૈયે સંગમ પોતાના સ્થાન ભણી સંચર્યો !

સંગમે કરેલા અનેક દુઃખો વેઠ્યા પછી ફરી એમણે આર્ય અને અનાર્ય-વજ્રભૂમિ ભણી વિહાર આદર્યો. સાડા બાર વર્ષ સુધી મૌનપણે ઘોર તપશ્ચર્યા કરી. આ દિવસોમાં એમના પર અનેક વિષમ વિપત્તિનાં વાદળાં એક પછી એક તૂટવા લાગ્યાં, છતાં એમણે ધૈર્ય, સહિષ્ણુતા અને શાન્તિપૂર્વક એમને પ્રસન્નમુખે આવકાર આપ્યો.

આમ અનેક યાતનાઓના દાવાનળમાં આ તેજસ્વી વિરલ વિભૂતિના કર્મો બળીને રાખ થયાં અને એમનો અનન્ત સૂર્યના પ્રકાશથી ચમકતો આત્મા પ્રકાશી ઉઠ્યો. કૈવલ્યજ્ઞાન વ્યાપી રહ્યું અને અન્ધકારનો નિતાન્ત નાશ

થયો. પૂર્ણ આત્માના પ્રકાશથી દિશાઓ વિલસી રહી. આ રળિયામણા સમયે એમના મુખકમળ પર અખંડ અને નિર્દોષ આનન્દ, વિશ્વવાત્સલ્ય ને પ્રશાન્ત ગાંભીર્યનો ત્રિવેણી સંગમ જામ્યો !

સાડાબાર વર્ષ સુધી સેવેલા મૌનનું દિવ્ય તેજ આ વિરલ વિભૂતિના શરીરના રોમાંચોદ્વારા ફૂવારાની જેમ વસુંધરા પર પ્રકાશ પાથરી રહ્યું. વર્ષોને અન્તે એમની મેઘ-ગંભીર મંજુલ ધ્વનિ સાંભળીને શું દેવો કે શું દાનવો, શું માનવો કે શું અજ્ઞ પ્રાણીઓ; બધા એમની નિકટમાં આવવા લાગ્યા. એમનો ઉપદેશ સાંભળવા એ બધા અધીર બન્યા.

આ વિરલ વિભૂતિએ મેઘ-ધારાની પેઠે ઉપદેશ પ્રારંભ્યો—"મહાનુભાવો ! જાગો ! વિલાસની મીઠી નિદ્રામાં કેમ પોઢયા છો ? તમારું આત્મિક-ધન લૂંટાઈ રહ્યું છે. ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર મહાન્ ધૂર્ત છે. એ તમને મોહની મદિરાનું પાન કરાવી, તમારા જ હાથે તમારી અમૂલ્ય સંપત્તિઓનો નાશ કરાવી રહ્યા છે માટે ચેતો ! સાવધાન બનો ! જાગરૂક બનો ! અને એ ધૂર્તોનો સામનો કરો."

આ સચોટ ઉપદેશ સાંભળી ભક્તો હાથ જોડી કહેવા લાગ્યા—" નાથ ! આપ શક્તિમાન છો. આપ આ ધૂર્તોનો સામનો કરી શકો છો, પણ અમે નિર્બળ છીએ, ધૂર્તો સબળ છે; અમારાથી એમનો સામનો કેમ થઇ શકે ? અમારા માટે આ કાર્ય કઠિન છે-કપરૂં છે-અઘરૂં છે. આપ તો સમર્થ છો. આપની સરખામણી અમારાથી કેમ થાય ?"

લોકોની દીનતાભરી વાણી સાંભળી, એ વિભૂતિએ વીર-ઘોષણા કરી—“ મહાનુભાવો ! આવી દયાજનક વાચા ન ઉચ્ચારો. શત્રુઓ પાસે આવી નિર્બળ વાતો કરશો તો એ તમારો નાશ કરશે. હું પ્રત્યક્ષ જોઇ રહ્યો છું-કે તમારો આત્મા બળવાન્ છે-વીર્યવાન્-છે-અનન્ત શક્તિઓ-નો ભંડાર છે. તમારો અને મારો આત્મા શક્તિની દૃષ્ટિએ સમાન છે. માત્ર ફરક એટલો જ છે કે તમારા પર કર્મનો કચરો છે, અને મારા આત્મા પરથી એ કચરો દૂર થયો છે. તમે પણ પ્રયત્ન કરી એ કર્મના કચરાને દૂર કરો અને પૂર્ણ-પ્રકાશી બનો. કાયરતા છોડી મર્દ બનો. ખડકની પેઠે અડગ રહો. ક્રોધ વગેરે શત્રુઓની સામે બળવો પોકારો. હું તમને સમરાંગણમાં વિજય મેળવવાની વ્યૂહ-રચના બતાવું. ”

આ મંજુલ વાણી સાંભળી લોકો પ્રસન્ન બન્યા. જીવન-વિકાસની નૂતન દૃષ્ટિ જાણવા માટે બધા ઉત્સુક બન્યા.

કદી ન ભૂલાય તેવો મનોહર સ્વર ત્યાં ગુંજી રહ્યો—“હે દેવોને પણ પ્રિય જનો ! આ જીવન કેવું ક્ષણભંગુર છે તેનો જરા વિચાર કરો. યૌવન પુષ્પની જેમ કરમાઈ જનારું અસ્થાયી છે. સંપત્તિ વિજળીના ચમકારાની પેઠે ક્ષણિક છે. વૈભવો સન્ધ્યાના રંગની જેમ અસ્થિર છે. સંયોગો મન્દિરની ધ્વજાની પેઠે અચળ છે. આયુષ્ય પાણીના પરપોટાની જેમ અશાશ્વત છે. સંસારમાં માત્ર ધર્મ જ એક એવો છે કે જે સ્થાયી-અચલ-શાશ્વત છે. આ ઉત્તમ ધર્મ પાળવા માટે ધર્માન્ધતાને છોડવી જ પડશે. ધર્માન્ધ-તાને છોડ્યા વિના સત્ય ધર્મ મળવો મુશ્કેલ તો શું પણ

અશક્ય છે! ધર્માન્ધતાએ સત્ય ધર્મને ગુંગળાવી નાખ્યો છે, માનવોને અન્ધ બનાવ્યા છે. આ અન્ધતામાંથી કલહ અને કંકાસનું સર્જન થયું છે. આ ધર્માન્ધતાથી મહાયુદ્ધો થયાં છે. માનવી, માનવીનો શત્રુ થયો છે. આજ અન્ધતાને લીધે જ્ઞાન પણ અજ્ઞાનમાં ફેરવાઈ ગયું છે. હિંસા, પણ અહિંસાને નામે પ્રગટી છે. પાપ પણ પુણ્યના નામે જીવતું થયું છે. અધર્મ પણ ધર્મને બહાને પ્રગટ થયો છે માટે સત્ય ધર્મ મેળવવાનો અમોઘ ઉપાય બતાવું છું તે પ્રમાદ ત્યજી સાંભળો!

જીવન-વિકાસનો અમૂલ્ય ઉપાય અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદની કસોટી પર ધર્મની પરીક્ષા સુંદર રીતે થઇ શકે છે. માટે જીવનમાં અનેકાન્તવાદ કેળવો. એના વડે વિશ્વાત્મૈક્ય કેળવો. એક એકનો સમન્વય સાધો. અનેકાન્ત એ પૂર્ણ દૃષ્ટિ છે. એના વડે વિશ્વમાં રહેલા સત્ય તત્ત્વોનું ગવેષણ કરો. અનેકાન્તવાદ એ સાચો ન્યાયાધીશ છે! એ જ વિશ્વને નિષ્પક્ષપાત સાચો અને પૂર્ણ ન્યાય આપશે. એ અસત્યના કાળા પડદાને ચીરી નાંખશે અને સત્યના દર્શન કરાવશે. આ અનેકાન્તવાદને સ્યાદ્વાદ કહો કે સાપેક્ષવાદ કહો, બધું એક જ છે. આ અનેકાન્તવાદની દૃષ્ટિ જ્યાંસુધી જીવનમાં નહિ આવે ત્યાંસુધી માનવીનો વિકાસ થંભેલો જ છે, એવો મારો સ્વાનુભવ છે!"

અનેકાન્તવાદનો આ ભવ્ય સિદ્ધાન્ત સાંભળી લોકોનાં હૈયા આનન્દથી વિકસી ઉઠ્યાં. આ નૂતન દૃષ્ટિ પ્રત્યેકને આદરણીય લાગી. તેથી જ લોકોનાં મુખમાંથી આ શબ્દો સરી પડ્યા. "કેવી વિશાળ ભાવના! કેવી વિશાળ દૃષ્ટિ!

દેવ ! આપ ધન્ય છો. આપે જે પૂર્ણ પ્રકાશ મેળવ્યો છે તે અદ્‌ભૂત છે ! આપ આપની વાણીનું અમૃત-ઝરણું આ સંતપ્ત સંસાર પર અવિરત વહેતું રાખો, એવી અમારી નમ્ર વિનંતિ છે, દેવ!”

આ વિભૂતિનો રૂપેરી ઘંટડીના જેવો મધુર ધ્વનિ પુનઃ ગુંજી રહ્યો—“ભાગ્યશાળીઓ ! હું જે કહી ગયો તે જીવન-દૃષ્ટિની વાત કરી ગયો--વિચારવાની વાત કહી ગયો. હવે આચારની વાત કહું છું. વિચારમાં જેમ અનેકાન્ત-વાદને સ્થાન છે, તેમ આચારમાં અહિંસાને સ્થાન છે.

અહિંસા એ સુંદર સરિતા છે, અનેક તૃષિત હૈયાં એના જળથી તરસ છીપાવે છે. અહિંસા એ સેતુ છે, કે જે બે વિખૂટાં દ્વેષી હૈયાંઓને જોડે છે. અહિંસા એ ગુલાબનું ફૂલ છે, જે પોતાની માદક સૌરભથી જગતને પ્રફુલ્લિત કરે છે. અહિંસા એ વસન્તની કોયલ છે, જે પોતાના મધુર સંગીતથી હિંસાના ત્રાસથી ત્રસિત દિલ-ડાંઓને પ્રમુદિત કરે છે. અહિંસા એ જ વિશ્વશાન્તિનો અમોઘ ઉપાય છે. અહિંસા વિના વિશ્વમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવાનો બીજો એકેય ઉપાય નથી જ. અહિંસાની અમર ચન્દ્રિકા જ વિશ્વ પર અમૃત વર્ષાવશે.

હિંસાના પાપે જ એક માનવી બીજા માનવીને જળોની જેમ ચૂસી રહ્યો છે. હિંસાની ભાવનાએ જ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને કચડી રહ્યું છે. હિંસક માનસે જ વિશ્વમાં અત્યાચારની હોળી સળગાવી છે. હિંસાના સામ્રા-જ્યોએ માનવીને પીડિત, વ્યથિત અને દલિત બનાવ્યો છે. હિંસક ધર્મો નિર્દોષ પશુઓના ભોગ લઈ રહ્યા છે, માટે

આચારમાં અહિંસા કેળવો. ધર્મના નામે હોમાતા પશુઓનું રક્ષણ કરો. જાતિવાદના નામે ધિક્કારાતા દલિત વર્ગનો ઉદ્ધાર કરો. અહિંસા એ અમૃત છે. એનું તમે પાન જરૂર કરો ! તમે અમર બનશો. બીજાઓને એનું પાન કરાવો તો દુખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થશે."

આ પ્રેરણા–દાયક ઉદ્‌ઘોષણાથી ભકતોમાં જોમ આવ્યું. ચૈતન્યના ધબકારા થવા લાગ્યા. વિજળીની જેમ એમના જીવનમાં અનેકાન્તવાદ અને અહિંસાનો પ્રવાહ વહેવા લાગ્યો. દુરાગ્રહની ગાંઠો ગળવા લાગી. વૈમનસ્ય તો બળીને ખાખ થયું. નિર્બળો સબળ બન્યા. બીકણો બહાદૂર બન્યા. મુડદાલો પણ મર્દ બન્યા. શું વાણીનો વિરલ પ્રભાવ! આમ સાક્ષાત્કારની સિધ્ધિ દ્વારા જીવનમાં કોઈ અલૌકિક સર્જનલીલા સર્જાતી ગઇ.

ત્યાંથી આ વિરલ વિભૂતિએ વિહાર કર્યો. ગામડે ગામડે ફરી વળ્યા. ગામે ગામ માનવમહેરામણ ઉભરાતો! એમના દર્શન અને ઉપદેશથી માનવો અને ભારત ભૂમિ પાવન થતી.

પૂરા ત્રણ દાયકાઓ સુધી અખંડ ઉપદેશનું ઝરણું વહાવી ભારતમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપ્યું. અહિંસા–જળનું સિંચન કર્યું. સત્યના વૃક્ષો રોપ્યાં. અસ્તેયના કયારા બનાવ્યા. સંયમના છોડવાઓ પર સંતોષના અનેકવર્ણી પુષ્પો વિકસી ઉઠયાં. આ ખંડેર ભારતને મોહક–નન્દનવનમાં ફેરવી નાખવાનું આ ભગીરથ કાર્ય, આ વિરલ વિભૂતિએ પોતાના જ વિદ્યમાન કાળમાં, અખંડ સાધનાઓદ્વારા કરી બતાવ્યું.–એ ભારતનું અહોભાગ્ય !

પણ દુર્ભાગ્યની એવી એક રજની આવી કે જેમાં આ લક્ષપ્રકાશી, ઓજસ્વી દીપક, પાવાપુર નગરીમાં માઝમ રાતે, એકાએક બૂઝાઈ ગયો–નિર્વાણ પામ્યો. જ્ઞાનનો સ્વાભાવિક–દીપક બૂઝાતાં વિશ્વમાં અજ્ઞાન–અન્ધકાર વ્યાપવા લાગ્યો. એ અન્ધકારને દૂર કરવા કૃત્રિમ દીપક પ્રગટાવવા પડ્યા. અને લોકો એને કહેવા લાગ્યા:—દિવાળી—

'દી-પ-આ-વ-લિ'

ઓ વિરલ વિભૂતિ વિભુ મહાવીર! તારું મધુર નામ આજે પણ માનવ હૈયાની અમર વીણાના તારે ઝણઝણી રહ્યું છે !

# જાગ, ઓ મહાવીરના સપૂત !

ઓ મહાવીરના સંતાન! જાગ! ઊભો થઈ જા! જરા આંખ ખોલીને જો! તારી જ નજર સામે દીન, હીન, અનાથ ને ગરીબ માનવો અન્ન વિના ટળવળતા હોય, ત્યારે તું ત્રણ ટંક સુંદર ને સ્વાદિષ્ટ ભોજન, ઠંડે કલેજે કેમ આરોગી શકે? તારી બાજુમાં જ વસતાં તારાં ભાંડુઓને લાજ ઢાંકવા પૂરતું પણ વસ્ત્ર ન મળતું હોય, ત્યારે તું દયાવાન કહેવાતો, સુંદર વસ્ત્રોમાં સજ્જ બની મહાલી કેમ શકે? તારા જ ભાઈઓ વેર-ઝેર ને દ્વેષની મહાજ્વાળામાં સળગતા હોય, ત્યારે તું વિલાસ ને વિનોદની માદક શય્યામાં કેમ પહોઢી શકે? આ જોતાં તારું ખૂન આજે વિલાસની જડતાથી ઠંડું પડી ગયું છે, એમ તને નથી લાગતું? તું તારા પુનિત પિતા શ્રી મહાવીરના સિદ્ધાન્તોનો દ્રોહ તો નથી કરતો ને? તારા હાથે આવું ક્રૂર પાપ થાય, એ હું ઇચ્છતો નથી. હું ઇચ્છું છું તારા અમર વિજયને!

કારણ કે તું જૈન છે! તારી પાસે બે પાંખો છેઃ અહિંસા અને સત્યની! આ બે પાંખો કપાઈ જતાં તું

જૈન મટી "જન" બની જઇશ! તારી શોભા આ બે દિવ્ય પાંખોમાં જ છે. આ બે માત્રા તને શ્રેષ્ઠ બનાવનારી છે!–તને ગગનવિહારી બનાવનારી છે! આ અહિંસા ને સત્યની પાંખોથી તું હિંસાના ભડકાથી સળગતી દુનિયા પર પરિભ્રમણ કરી શકીશ, વિશ્વને પ્રેમ ને શાન્તિનો સંદેશ પાઠવી શકીશ. શાન્તિનો દૂત બની શકીશ, માટે સાવધાન થા! આ બે પાંખો કપાઇ ગઈ તો સમજજે કે તું પંગુ છે, લંગડો છે. તારી આ બે પ્રિય પાંખો પ્રમાદથી રખે કપાઇ જાય! માટે જાગૃત બન! ઝોકાં ખાવાં છોડી દે! આમ બગાસાં ખાધે ને નિર્માલ્ય જીવન જીવે મુકિત નહિં મળે! મુકિત મેળવનાર શ્રી મહાવીરને તું યાદ કર. એણે કેવાં મહાન્ શુભ કાર્યો કર્યાં હતાં! જો—

જેણે ધૈર્યપૂર્વક નર–પિશાચનો સામનો કરી, ભયભીતને નિર્ભીક બનાવી અને માનવમાં રહેલી અખૂટ શકિતનો પરચો બતાવી **મહાવીર** પદ પ્રાપ્ત કર્યું હતું!

જેણે સાંવચ્છરિક દાન દઇ, અઢળક સંપત્તિ વર્ષાવી અને દીન, હીન, અનાથ ને ગરીબોને યથાયોગ્ય દાનવડે સુખી બનાવી–**દાનવીર** પદ વિભૂષિત કર્યું હતું!

જેણે વૈભવોથી છલકાતાં રાજમન્દિરોને છોડી, પોતાના પ્યારા પ્રિયજનોથી વિખૂટા પડી અને મહામોહનો પરાજય કરી–**ત્યાગવીર** પદ સુશોભિત કર્યું હતું!

જેણે ગિરિકન્દરાઓમાં ધ્યાનમગ્ન રહી, વાસનાઓનો નાશ કરી અને ઇન્દ્રિયો પર વિજય મેળવી–**શૂરવીર** પદ શોભાવ્યું હતું!

જેણે અહિંસા, સત્ય, અસ્તેય, સંયમ ને અકિંચનત્વને પોતાના જીવનમાં વણી, એનો જ પ્રચાર આજીવન કરી અને માનવતાની સોડમ મહેકાવી-**ધર્મવીર** પદ અલંકૃત કર્યું હતું ! એ જ નરવીરનો તું પુત્ર !

જેના નામથી પ્રેરણાનો દીપક પ્રગટે ! એ મહાવીરનો પુત્ર બની, તું આમ નિર્માલ્ય જીવન જીવે, એ તને શોભે ખરું ? ઊઠ ! પ્રાણવાન થા ! તારા નિર્માલ્ય જીવનમાં મહાપ્રાણ ફૂંક ! તારા ધ્વનિથી દિશાઓ કંપી જાય એવી જયઘોષણા કર ! પાપના પડદા ચીરાઇ જાય એવું તેજ તારી આંખોમાં લાવ. હિમ્મત ને ઉત્સાહથી આગેકદમ ભર ! તારી અદમ્ય શકિતઓનો પરચો જગતને બતાવ ! પ્રભુ મહાવીરના સિદ્ધાન્તોને અણનમ નિશ્ચયપૂર્વક જીવનમાં ઉતારી, એમને અમર બનાવ ! ખાલી વાયડી વાતો ના કર. આચરણવિહોણા ભાષણોથી કાંઇ વળે તેમ નથી, એવા નિર્માલ્ય ભાષણો સાંભળી-સાંભળીને પ્રજા ત્રાસી ગઇ છે ! માટે લાંબા-પહોળા હાથ કરવા મૂકી દે અને એવું આચરણ કરી બતાવ કે તારું નિર્મળ ચારિત્ર જોઇ દુનિયા દિંગ બની જાય !

કડક શિસ્ત કેળવ ! જીવન-વિકાસમાં નડતર કરતી વાસનાઓ સામે બળવો પોકાર ! વાસનાઓનો સમૂળગો નાશ કર ! આ તારા વિકાસના માર્ગમાં અન્તરાય કરનારને ઉખેડીને ફેંકી દે ! જરા પણ ગભરાઈશ નહિ ! કોઈથી અંજાતો નહિ ! કોઈની શે'માં તણાતો નહિ ! જા ! એક પળની પણ વાર કર્યા વિના અહિંસા ને સત્યના સિધ્ધાન્તોને વિશ્વમાં વિકસાવવાના તારા આ મહા-કાર્યમાં લાગી જા.

પણ યાદ રાખજે! નૈતિક સંયમથી કમ્મર બરાબર કસીને જ આ માર્ગે પ્રયાણ કરજે. સંયમમાં જરા પણ શિથિલતા ન પ્રવેશી જાય તે માટે પૂર્ણ કાળજી રાખજે. વાસનાઓ તારા પર વિજય ન મેળવી જાય તે માટે ચારિત્ર-ની મજબૂત કિલ્લેબંધી કરીને, અવિરત જાગ્રતિપૂર્વક જીવન-વિકાસના આ મહાપંથે વિહરજે!


વિજળીના ઝબકારા થાય કે વિપત્તિના વંટોળીયા વાય; બ્રહ્માંડના કાન ફોડી નાંખે એવા કડાકા-ભડાકા થાય કે પ્રલયના મેઘની ગર્જનાઓ થાય; તોય તારા નિશ્ચિત પંથને છોડીશ નહિ, નિશ્ચિત કરેલા ધ્યેયને પહોંચતાં પહેલાં એક ડગલું પણ માર્ગથી ખસવું એ મહાપાપ છે. એ દિવ્ય સંદેશને ભૂલતો નહિ! વિશ્વમાં એવી કોઇ શકિત નથી જે તારા નિશ્ચિત ધ્યેયથી તને ચલિત કરે! દુનિયામાં એવી કોઇ વસ્તુ નથી, જે તને તારા માર્ગથી ભ્રષ્ટ કરે! તારી ઉગ્ર તમન્ના જોઇ, પહાડ પણ તારા માર્ગમાંથી ખસી જશે! તારી વિરાટ શકિત જોઈ, સાગર પણ તને માર્ગ આપશે! તારો દૃઢ સંકલ્પ જોઈ, સિંહ જેવા રાજાધિરાજો પણ ચરણમાં આળોટશે ને તારા અંગરક્ષક બનશે. આ કલ્પના નથી, વાક્પટુતા કે લેખન કળા નથી; પણ કેવળ સત્ય છે, નક્કર છે, વાસ્તવિક છે! આવું બન્યું છે, બને છે અને બનશે. માત્ર શ્રદ્ધાની જ આવશ્યકતા છે! વિજયશ્રી આત્મશ્રદ્ધાવાન મહામાનવને જ વરે છે!

આ માર્ગમાં કાંટા પણ છે ને કીચડ પણ છે. કાંટાથી કંટાળી ન જવાય અને કીચડમાં ખૂંચી ન જવાય તે

માટે સચેત રહેજે. વિપત્તિના સમયમાં યાદ કરજે તારા આત્માની અનન્ત વિરાટ શકિતઓને! તારી વીર-ગર્જનાથી વિપત્તિઓ કંપી ઊઠશે, ઇન્દ્રિયો ધ્રૂજી ઉઠશે, વાસનાઓ બળીને ખાખ થશે, અન્ધકાર નાશ પામશે, અનન્ત પ્રકાશથી ઝળહળતો દીપક તારા પંથમાં પ્રકાશ પાથરશે અને પ્રકૃતિ મધુર સ્મિત કરી, તારું સુસ્વાગતમ્ કરશે!

પ્યારા અમૃતના ભોકતા આત્મન્! અધિક તને શું કહું? હવે તારું વિરાટ રૂપ વિશ્વને દેખાડ જોઇએ! વ્હાલા શકિતઓના ભંડાર આત્મન્! તારા શકિતઓના ભંડારમાંનું એક અમૂલ્ય રત્ન વિશ્વના ચોગાનમાં મૂક જોઇએ! પ્રિય પ્રકાશમાં વિહરનાર આત્મન્! તારા શાશ્વત પ્રકાશનું એક કૃપાકિરણ આ વિશ્વ પર ફેંક જોઇએ! વિશ્વ, તારા જ્વલન્ત પ્રકાશ માટે ઝંખી રહ્યું છે. વીરનો સપૂત, આ કામ નહિ કરે તો પછી કોણ કરશે?

માટે આજે જ દિપાવલિના પતિત પાવન દિવસે અણનમ નિશ્ચયપૂર્વક ભર કદમ વિજયકૂચ ભણી!



વીરના સપૂત ! તું મરવા માટે નથી જન્મ્યો પણ અમર બનવા માટે સર્જાયો છે. અમર બનવા માટે તારા જીવનનો ઉમદા હિસાબ દુનિયાને આપતો જા. દાનવતાનું તાંડવ નૃત્ય કરતા જગતને માનવતામાં વિશ્રાન્તિ પમાડતો જા. માનવીના કાળમીંઢ હૈયા પર દિવ્ય પ્રેમ અને વિશ્વવાત્સલ્યનાં છાંટણાં છાંટતો જા. માનવીનું ભાવી ઉજ્જવળ થાય એ માટે તારા જીવનનો શુભ્ર પ્રકાશ ધરા પર પાથરતો જા. અવિશ્વાસુ વિશ્વના હૃદયમાં, સ્થાયી વિશ્વાસની સૌરભ મહેકાવતો જા. સ્વાર્થની પરાધીનતામાં જકડાયેલા માનવીને પરમાર્થની વાસ્તવિક આઝાદી અપાવતો જા. જીવનને અમર બનાવવાનો આ જ અમોઘ અને અજોડ ઉપાય છે !

★

મારા અનન્તના પ્રવાસી મિત્રો ! તમે શાન્તિ અને ગંભીરતાથી વિચાર કરો. તમે બહારથી સુંદર અને ભલા દેખાવાનો પ્રયત્ન કરો છો. પણ અંદર તમારૂં મન બેડોલ ને બૂરૂં હશે, તો બહારનો કૃત્રિમ દેખાવ શું કામ લાગવાનો છે ? જગતને કદાચ છેતરી શકશો, જગતની આંખમાં ધૂળ નાંખી શકશો: પણ સદા જાગૃત રહેતા તમારા જીવન-સાથી આત્મ-દેવને કેમ કરી છેતરી શકશો ? એની આંખમાં ધૂળ કેવી રીતે નાંખશો ? બોલો, મારા મિત્રો ! બોલો ! આત્મદેવ આગળ તો તમે નગ્ન થઈ જવાના છો ! તે વખતે તમારી આંખમાં ધૂળ પડશે તેનું શું ?

ચન્દ્રપ્રભસાગર

## મૈત્રી

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે:
શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે. ૧

## પ્રમોદ

ગુણુથી ભરેલા ગુણી-જન દેખી, હૈયું મારું નૃત્ય કરે:
એ સંતોના ચરણ કમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે. ૨

## કારૂણ્ય

દીન, ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે:
કરૂણા ભીના આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે. ૩

## માધ્યસ્થ

માર્ગ ભૂલેલા જીવન-પથિકને માર્ગ ચિંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ માર્ગની, તો યે સમતા ચિત્ત ધરું. ૪

## ઉપસંહાર

મૈત્ર્યાદિ આ ચાર ભાવના, હૈયે ચન્દ્રપ્રભ લાવે:
વેર-ઝેરના પાપ ત્યજીને, મંગળ ગીતો એ ગાવે. ૫

આનંદ પ્રેસ, ભાવનગર.